**<u>દાહોદ મે. એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ. દાહોદ</u>**

**ફોજદારી કેસ નં. :– ૭૮/૨૬**
**આંક:– ૫**

**ફરીયાદી :–** ગુજરાત સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :– જયેશકુમાર વજેસિંગ પટેલ,**
**રહે. વડેલા રોડ ફળીયુ, ગામ.વડેલા, તા.લીમખેડા, જી.દાહોદ.**
**ગુનો :– પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ**

**<u>// હુકમ //</u>**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **તા. ૦૪/૦૯/૨૦૨૫** ના **કલાક :– ૧૫:૦૦** વાગ્યે મોજે પ્રોહીબંધક એરીયામાં વગર પાસ પરમીટે જાહેરમાં કેફી પીણુ પી લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવી પકડાઇ જઇ, પ્રોહીબીશન એટની કલમ : ૬૬(૧)(બી) મુજબનો ગુન્હો કરેલ છે.

**૨.** આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ–૨૩૦ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

**૩.** આજરોજ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ અને તેઓના વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભયો" હુકમ કરવા અરજ કરેલ છે.

**૪.** સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતા પણ સ્વેચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબુલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વેચ્છીક હોઇ સદર કબુલાત ન માનવાનો કોઇ કારણ નથી. વધુમાં, નામ. સર્વોચ્ચ

અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨ (૩) એસસીસી ૭૦૦ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક કાર્યવાહીના કોઇપણ તબકકે આરોપી દવારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઇ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

**૫.** નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કાર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગેન્હો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનુ જણાવે છે. તે સંજોગોમાં ગુના અંગે સજાની જોગવાઇ, કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ-૨૬૪ અન્વયે આરોપી **જયેશકુમાર વજેસિંગ પટેલ, રહે. વડેલા રોડ ફળીયુ, ગામ.વડેલા, તા.લીમખેડા, જી.દાહોદ** નાઓને તેઓની વિરુધ્ધના પ્રોહીબીશન એકટની કલમ : ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડની રકમ જમા ન કરે તો દિન -૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪ મી , માહે. માર્ચ , સને - ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કયો".

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :- દાહોદ

( કરણ પી. યાદવ )
જયુડી. મેજી. ફ.ક.દાહોદ
જીજે.૦૧૬૭૭